# <u>ફાર્મસીસ્ટ રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા બાબત સૂચના</u>

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા ફાર્મસી પ્રેક્ટિસ રેગ્યુલેશન-૨૦૧૫, તા.૧૫/૦૧/૨૦૧૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. ફાર્મસી પ્રેક્ટીસ રેગ્યુલેશન-૨૦૧૫ ના નિયમ નં. ૪.૨ પ્રમાણે "**દરેક રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટે રજીસ્ટ્રેશન રીન્યુ કરવા માટે પાંચ વર્ષ દરમ્યાન બે દિવસનો એક અથવા એક દિવસના બે રીફ્રેશર કોર્ષ કરવા ફરજીયાત છે.**" રજીસ્ટ્રેશન રીન્યુઅલ વખતે રીફ્રેશર કોર્ષના સર્ટીફીકેટની નકલ સામેલ કરવી ફરજીયાત છે.

તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન જે ફાર્માસીસ્ટોના રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરવાના થતા હોય તેમણે રીન્યુઅલ ફોર્મ સાથે રીફ્રેશર કોર્ષના સર્ટીફીકેટની નકલ જોડવાની રહેશે. ફાર્મસી પ્રેકટીસ રેગયુલેશન ના નિયમ નં.૪.૨ ની જોગવાઇ હેઠળ રીફ્રેશર કોર્ષ ન કરેલ હોય તેવા ફાર્માસીસ્ટોનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ થવા પાત્ર નથી. રીફ્રેશર કોર્ષ માટે જે તે ફાર્માસીસ્ટએ નજીકની ફાર્મસી કોલેજનો અને/અથવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના ફોન નં.-(૦૭૯)૨૨૬૮૧૦૧૨ પર સંપર્ક કરવો.

આ ઉપરાંત રીફ્રેશર કોર્ષના Schedule માટે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની વેબસાઇટ www.gujaratstatepharmacycouncil.org સમયાંતરે જોતા રહેવા વિનંતી છે.